અપીલ અરજી નં.૮૦ તા.૩–૬–૧૦/૧૧

અરજદારઃ– શ્રી કમલેશ એમ. ચોડવડીયા

સામાવાળાઃ–ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી કમલેશ એમ. ચોડવડીયાની તા.૮–૪–૧૦ ની અરજીથી (૨.૧) ટેના.નં.૭૧એ–૦૧–૫૨૦૧–૦૦૦૧ વાળી મિલકતમાં હાલ કબજેદાર તથા માલિક તરીકે કોનું નામ ચાલે છે. (૨.૨) ઉપરોકત ટેના. નં. વાળી મિલકતમાં છેલ્લુ નામ ચઢાવવા માટે કયા પુરાવાઓને આધારે ચઢાવવામાં આવેલ છે, તેની સર્ટીફાઈડ નકલ આપવા વિનંતી. વિ. મુદ્દા નં.૨.૧ થી ૨.૫ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૩–૬–૧૦ ની **SMC/FAP/** નં.૮૦/૨૦૧૦–૧૧

શ્રી કમલેશ એમ. ચોડવડીયાની તા.૮–૪–૧૦ ની અરજીથી (૨.૧) ટેના.નં.૭૧એ–૦૧–૫૨૦૧–૦૦૦૧ વાળી મિલ્કતમાં હાલ કબજેદાર તથા માલિક તરીકે કોનું નામ ચાલે છે. (૨.૨) ઉપરોકત ટેના. નં. વાળી મિલકતમાં છેલ્લુ નામ ચઢાવવા માટે કયા પુરાવાઓને આધારે ચઢાવવામાં આવેલ છે, તેની સર્ટીફાઈડ નકલ આપવા વિનંતી. વિ. મુદ્દા નં.૨.૧ થી ૨.૫ ની માહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતિ અધિકારી વરાછાઝોનના પત્ર નં.ઈઝેડ/આરટીઆઈ/૩૫ તા.૧૧/૫/૧૦ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩–૬–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૨૪ તા.૭–૬–૧૦ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/એપેલેટ/આરટીઆઈ/અરજી નં.૩૫ તા.૧૧–૬–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, આપેલ માહિતી અંગેનો પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૩૫ તા.૧૧–૫–૧૦ ના પત્રની નકલ તથા લોકેશન નં.૭૧એ–૦૧–૫૨૦૧–૦–૦૦૧ ના પાર્ટી સ્ટેટસની નકલ મળેલ છે.

અરજદારની તા.૮–૪–૧૦ ની અરજીથી મુદ્દા નં.૨.૧ થી ૨.૫ ની માહિતી માંગતી અરજી માહિતી અધિકારી પૂર્વઝોન સુરત મહાનગરપાલિકાને કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૩૫ તા.૧૧–૫–૧૦ થી અરજદારને માહિતી આપવામાં આવેલ. જે બાબતે અરજદારે જાણી જોઈને માહિતી છુપાવવામાં આવેલ છે તેવું જણાવી તા.૩–૬–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. પરંતુ અરજદારે કઈ માહિતી છુપાવેલ છે તેવું જણાવી અપીલ સાથે સદર ટેનામેન્ટની રસીદ નં.૧૭૩૧૯૬૭ તા.૨૭–૧૦–૦૯ આધાર પુરાવા તરીકે રજૂ કરેલ છે. જેમાં મુદ્દા નં.(૨.૧) ટેના.નં.૭૧એ–૦૧–૫૨૦૧–૦૦૦૧ વાળી મિલ્કતમાં હાલ કબજેદાર તથા માલિક તરીકે કોનું નામ ચાલે છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર ટેનામેન્ટવાળી મિલ્કતમાં હાલ કબ્જેદાર તરીકે કિશોરભાઈ નરસિંહભાઈ અંભગીનું નામ ચાલે છે જેની પાર્ટી સ્ટેટસની નકલ રજૂ કરેલ છે. તેમાં પણ તે નામ દર્શાવેલ છે. (૨.૨) સદર ટેના. નં. વાળી મિલકતમાં છેલ્લુ નામ ચઢાવવા માટે કયા પુરાવાઓને આધારે ચઢાવવામાં આવેલ છે, તેની સર્ટીફાઈડ નકલ આપવા વિનંતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર ટેના. નં.વાળી મિલ્કતમાં દાખલ થયેલ ત્યારથી હાલ પર્યન્ત કોઈ ફેરફાર કરવામાં આવેલ નથી તેવું જણાવેલ છે. (૨.૩) સદર ટેના. નં. વાળી મિલકતમાં નામ ફેર કરતી વખતે સદર મિલ્કતનો સર્વેયર ધ્વારા સ્થળ તપાસ કરી સર્વે કરવામાં આવેલો છે? જો " હા " તો તેની નકલ આપવી. જો "ના" તો શા માટે સ્થળ તપાસ કરેલ નથી તેનો ખુલાસો આપવા વિનંતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૨ માં જણાવ્યા મુજબ સદર ટેના. માં નામફેરની કોઈ અરજી ઝોન કચેરીના દફતરે આવેલ ન હોવાથી સ્થળ તપાસનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨.૪) સદર ટેના. નં. વાળી મિલકતમાં નામ ફેર કરતી વખતે અરજદાર ધ્વારા કયા કયા પુરાવાઓ તૈયાર કરવામાં આવેલ છે? કયા અધિકારીની સહીથી તુમારનામુ માન્ય કરવામાં આવેલ છે. મુદ્દા નં.(૨.૫) સદર ટેના. નં. વાળી મિલકતમાં નામ ફેર કરતી વખતે અરજદાર ધ્વારા કયા કયા પુરાવાઓ આપવામાં આવેલ છે? તેની સર્ટીફાઈડ નકલ આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૪ અને ૫ અંગે મોટા વરાછા ગામ પંચાયત વિસ્તાર સુરત મહાનગરપાલિકામાં સમાવિષ્ટ કરતી વખતે સદર ટેના. નંબર ઉપર કબ્જેદાર તરીકે કિશોરભાઈ નરસિંહભાઈ અભંગનીનું નામ દાખલ કરેલ છે જે આજ પર્યન્ત તેમનું નામ ચાલી આપવેલ છે જેથી નામ ફેરનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આમ અરજદારે રજૂ કરેલ રસીદ નં.૧૭૩૧૦૬૭ તા.૨૭–૧૦–૦૯ માં સદર ટેનામેન્ટના હોલ્ડર તરીકે હિંમતભાઈ વિઠ્લભાઈ વડાલીયા , હસમુખભાઈ મનુભાઈ ગોડલીયા દર્શાવેલ છે જયારે જાહેર માહિતી અધિકારીએ રજૂ કરેલ પાર્ટી સ્ટેટસમાં કબ્જેદાર તરીકે કિશોરભાઈ નરસિંહભાઈ અંભગી દર્શાવેલ છે. પરંતુ બંનેની વિગતો જોતાં હોલ્ડર અને કબ્જેદાર તરીકે ૨૦૦૯ તેમજ ૨૦૧૦ ની વિગતો દફતરી હકીકતલક્ષી માહિતી અરજદારને ચકાસણી કરી પૂરી પાડવાજોગ છે. જે અરજદારે મુળ અરજીમાં કબ્જેદાર તથા માલિકનું નામ માંગેલ હોવાથી સદરહુ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી માલિકના નાની વિગતો પૂરી પાડયેલ જણાતી નથી. જેમાં ફકત ૨૦૧૦ ની વિગતે કબ્જેદારની વિગત પૂરું પાડતું પાર્ટી સ્ટેટસની નકલ રજૂ કરેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૮–૪–૧૦ અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલ હોય સદર ટેનામેન્ટની માલિકી અને કબ્જેદાર સહિતની ઉપરોકત જણાવ્યા મુજબની માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૭–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઝોનલચીફ જાહેર માહિતી અધિકારી(વરાછાઝોન) .. ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી કમલેશ એમ. ચોડવડીયા,